eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 211
January 15, 2009

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો નવમો આંતરશાળા રમતોત્સવ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો નવમો આંતરશાળા રમતોત્સવ તા. ૧૨–૦૧–૨૦૧૦ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્વર્ણિમ ગુજરાત" ઉત્સવ આયોજન અંતર્ગત ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ –૨૦૧૦

"સ્વર્ણિમ ગુજરાત" ઉત્સવ આયોજન અંતર્ગત ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ –૨૦૧૦નું આયોજન સુરત ખાતે તા. ૧૩–૦૧–૨૦૧૦ને બુધવારના રોજ વેસ્ટ ઝોનમાં જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુમાં ખુલ્લા પ્લોટમાં (જોગાણીનગર) હની પાર્ક રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડિસેમ્બર માસ દરમ્યાન ૩૪૩૬ ઈન્ડોર તથા ૪૧૪૧૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૧૧૦૦ તથા મોટા ૬૨૧ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તાપી નદીની લીલવેલ/જળકુંભીનો સફાઈ ઝુંબેશ



તાપી નદીમાં લીલવેલ/જળકુંભીનો ચાલુ વર્ષે ઉપદ્રવ વધુ થવાથી સુરત મહાનગરપાલિકા ના મ્યુ. કમિશ્નરશ્રીનાં આદેશ અન્વયે જુદા જુદા ઝોનના મશીનરી અને મેનપાવર એક સંયુકત ટીમ બનાવી જળકુંભીના નિકાલ માટેની કામગીરી ગત રોજ તા.૧૧–૦૧–૧૦ થી એક ઝુંબેશ સ્વરૂપમાં ચાલુ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં વોર્ડ નં. ૭ /બી રૂઘનાથપુરા, બેગમપુરા મોતીટોકીઝ, ડબગરવાડ, મુગલીસરા, સલાબતપુરા, દિલ્હીગેટ વિસ્તારમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૧૩/૦૧/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે

સુરત મહાનગરપાલિકા તાઃ૧૦/૦૧/૨૦૧૦ થી તાઃ૧૩/૦૧/૨૦૧૦ દરમ્યાન ૫ વર્ષ સુધીના છ લાખ ત્રીસ હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો નવમો આંતરશાળા રમતોત્સવ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો નવમો આંતરશાળા રમતોત્સવ તા. ૧૨–૦૧–૨૦૧૦ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.ડેપ્યુટી મેયર શ્રી કિશોરભાઈ કાનાણીનાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડે. કમિશનર (પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીત એ માન. ડેપ્યુટી મેયરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી, સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેનશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ વિ.નું આવકાર સાથે સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ સ્વાગત પ્રવચનમાં સુમન હાઈસ્કુલો બાબતે માહિતી આપી મહાનુભાવો રમતોત્સવ પ્રસંગે હાજર રહયા તે બદલ તેઓનો આભાર વ્યકત કર્યો હતો.

શાસક પક્ષનાં નેતા શ્રી ભીમજીભાઈ પટેલ એ જણાવ્યું હતું કે, શહેરની અગ્રગણ્ય ખાનગી શાળાઓ સાથે કોમ્પીટીશન થઈ શકે તે માટે સજજ થઈ તથા મા–બાપનાં અરમાનો પૂરા થાય તે મુજબનાં પ્રયત્નો કરવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યુ હતું. વધુમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ આજરોજ હોય, યુવા દિવસ નિમિત્તે કઠોર પરિશ્રમ કરી સુરતનું ગૌરવ વધારીએ તેમ કહી તથા એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં સતત ૪ વર્ષ સુધી સતત ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરવા બદલ સુમન હાઈસ્કુલ નં.૨ (વરાછા) ને અભિનંદન પાઠવી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકો પ્રતિ શુભકામનાઓ વ્યકત કરી હતી.

સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેન શ્રી સ્વાતિબેન ભટ્ટ એ તેઓનાં પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, તમે જે સ્પર્ધામાં ભાગ લેનાર છો, તેમાં મારો નંબર આવશે જ તેવો દૃઢ નિશ્ચય નિર્ધાર કરવા. જયારે, સ્થાયી સમિતિનાં ચેરમેન શ્રી મુકેશભાઈ દલાલ એ તેમનાં પ્રાસંગિક પ્રવચનમાં આજનાં રમતોત્સવ પ્રસંગે વિદ્યાર્થીઓમાં જે ઉત્સાહ દેખાઈ રહયો છે, તે અદ્દભૂત હોવાનું જણાવી સુમન હાઈસ્કુલનાં ધોરણ–૧૦ નાં વિદ્યાર્થીઓ પૈકી બોર્ડમાં ટોપ ટેનમાં આવનાર તથા તમામ સુમન હાઈસ્કુલો પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતિય તથા શાળા કક્ષાએ પણ ધોરણ–૧૦ માં પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓ માટે રોકડ પુરસ્કાર આપવા અંગે સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકા મારફતે જે નિર્ણય કરવામાં આવેલ છે, તે અંગેની વિસ્તૃત માહિતી આપી, સુમન શાળાનાં શિક્ષકોનાં ટીર્ચીંગની પ્રશંસા કરી આજરોજનાં આંતરશાળા રમતોત્સવમાં ભાગ લેનાર તમામ બાળકોને અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

ત્યારબાદ માન.ડેપ્યુટી મેયરશ્રી કિશોરભાઈ કાનાણીએ દિપ પ્રાગટય કરી તેઓનાં પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, સુરતનાં ''બહુજન હિતાય બહુજન સુખાય'' નાં સ્લોગનને સાર્થક કરવા માટે બાળકોની શકિત ખીલે અને તે બહાર આવે તે મુજબનાં પ્રયત્નો કરવા શિક્ષકોને અનુરોધ કરી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકો પ્રતિ શુભકામનાઓ વ્યકત કરી હતી.

આ આંતરશાળા રમતોત્સવમાં ભાઈઓ તથા બહેનોની ૧૦૦, ૨૦૦ મીટર દોડ, લાંબીકૂદ, ચક્રફેંક, બરછી ફેંક, કબડ્ડી, ખો–ખો તથા વોલીબોલ વિગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કુલ–૩૦૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને તથા રાજયકક્ષાએ વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ વિવિધ સિધ્ધીઓ મેળવનાર વિદ્યાર્થીઓને સુરત મહાનગરપાલિકાનાં વિરોધપક્ષનાં નેતા શ્રી બાબુભાઈ ઉર્ફે યોગેશભાઈ કાપડિયા, મ્યુનિ.સભ્ય શ્રી ગિરીશભાઈ પટેલ, ડે.કમિશનર(પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત, ઈ.ચા.આચાર્યો તથા નિર્ણાયકો મારફતે ટ્રોફીઓ તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ. (વિજેતા થયેલ વિદ્યાર્થીઓ તથા સુમન હાઈસ્કૂલોનાં નામોનું લીસ્ટ આ સાથે સામેલ છે.)

આંતરશાળા રમતોત્સવ દરમ્યાન શ્રી એમ. એમ. પી. હાઈસ્કુલનાં શિક્ષક શ્રી શોએબ મોરાદ તેમજ સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનનાં કર્મચારી શ્રીમતિ સ્મૃતિબેન ડી. પટેલ એ નિર્ણાયક તરીકે તથા એનાઉન્સર તરીકે સેનેટરી ઈન્સ્પેકટર શ્રી મોહંમદ ઈકબાલ શેખ એ ખૂબ સારી સેવા આપેલ છે. આભારવિધિ સુમન હાઈસ્કુલોનાં નિરિક્ષક શ્રી ગોવિંદભાઈ કિડેચાએ કરી હતી.

સમગ્ર આંતરશાળા રમતોત્સવનું સફળ આયોજન સુમન હાઈસ્કુલ સેલ તરફથી કરવામાં આવેલ હતું.

Continue ...

## સુરત મહાનગરપાલિકા સંચાલિત
## સુમન હાઈસ્કૂલ સેલ આયોજીત નવમો વાર્ષિક રમતોત્સવ–૨૦૦૯–૧૦

(૧) સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલ શાળાની યાદી : તા.૧૨/૦૧/૨૦૧૦

| ક્રમ | શાળાનું નામ | ટ્રોફી / મેડલની સંખ્યા. |
|---|---|---|
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | ૧૫ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | ૦૮ |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૪ (અડાજણ) | ૦૭ |

(૨) એથ્લેટીકસ રમતમાં શાળાએ મેળવેલ મેડલની વિગત ::

| ક્રમ | શાળાનું નામ. | મેળવેલ મેડલ સંખ્યા | | | કુલ. |
|---|---|---|---|---|---|
| | | ચેમ્પીયન | રનર્સઅપ | પ્રોત્સાહક | |
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૧ | ૦૩ | –– | ૦૨ | ૦૫ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં.૨ | ૦૧ | ૦૩ | – | ૦૪ |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૩ | ૦૬ | ૦૩ | ૦૧ | ૧૦ |
| (૪) | સુમન હાઈસ્કુલ નં.૪ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૭ |
| (૫) | સુમન હાઈસ્કુલ નં.૫ | –– | –– | ૦૩ | ૦૩ |
| (૬) | સુમન હાઈસ્કુલ નં.૬ | –– | ૦૧ | ૦૧ | ૦૨ |
| (૭) | સુમન હાઈસ્કુલ નં.૭ | –– | –– | –– | –– |
| (૮) | સુમન હાઈસ્કુલ નં.૮ | –– | ૦૧ | ૦૧ | ૦૨ |
| (૯) | સુમન હાઈસ્કુલ નં.૯ | –– | ૦૧ | ૦૨ | ૦૩ |
| | કુલ :– | ૧૨ | ૧૨ | ૧૨ | ૩૬ |

(૩) સામુહિક રમતમાં શાળાએ મેળવેલ મેડલની વિગત ::

| ક્રમ | શાળાનું નામ. | મેળવેલ મેડલ સંખ્યા | | કુલ. |
|---|---|---|---|---|
| | | ચેમ્પીયન | રનર્સઅપ | |
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૧ | ૦૧ | ૦૨ | ૦૩ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં.૨ | –– | –– | –– |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૩ | ૦૩ | ૦૨ | ૦૫ |
| (૪) | સુમન હાઈસ્કુલ નં.૪ | –– | –– | –– |
| (૫) | સુમન હાઈસ્કુલ નં.૫ | –– | ૦૧ | ૦૧ |
| (૬) | સુમન હાઈસ્કુલ નં.૬ | –– | –– | –– |
| (૭) | સુમન હાઈસ્કુલ નં.૭ | –– | ૦૧ | ૦૧ |
| (૮) | સુમન હાઈસ્કુલ નં.૮ | ૦૨ | –– | ૦૨ |
| (૯) | સુમન હાઈસ્કુલ નં.૯ | –– | –– | –– |
| | કુલ:– | ૦૬ | ૦૬ | ૧૨ |

(૪) શાળાએ મેળવેલ કુલ મેડલ ::

| ક્રમ | શાળાનું નામ | મેળવેલ મેડલ | | કુલ. |
|---|---|---|---|---|
| | | એથ્લેટીકસ | સામુહિક રમત | |
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૧ | ૦૫ | ૦૩ | ૦૮ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં. ૨ | ૦૪ | –– | ૦૪ |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૩ | ૧૦ | ૦૫ | ૧૫ |
| (૪) | સુમન હાઈસ્કુલ નં.૪ | ૦૭ | –– | ૦૭ |
| (૫) | સુમન હાઈસ્કુલ નં.૫ | ૦૩ | ૦૧ | ૦૪ |
| (૬) | સુમન હાઈસ્કુલ નં.૬ | ૦૨ | –– | ૦૨ |
| (૭) | સુમન હાઈસ્કુલ નં.૭ | –– | ૦૧ | ૦૧ |
| (૮) | સુમન હાઈસ્કુલ નં.૮ | ૦૨ | ૦૨ | ૦૪ |
| (૯) | સુમન હાઈસ્કુલ નં.૯ | ૦૩ | –– | ૦૩ |
| | | ૩૬ | ૧૨ | ૪૮ |

TOP

## "સ્વર્ણિમ ગુજરાત" ઉત્સવ આયોજન અંતર્ગત ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ –૨૦૧૦




"સ્વર્ણિમ ગુજરાત" ઉત્સવ આયોજન અંતર્ગત ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ –૨૦૧૦નું આયોજન સુરત ખાતે તા. ૧૩–૦૧–૨૦૧૦ને બુધવારના રોજ વેસ્ટ ઝોનમાં જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુમાં ખુલ્લા પ્લોટમાં (જોગાણીનગર) હની પાર્ક રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

શહેરમાં યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદ્દઘાટન શ્રી કમલેશભાઈ પટેલ મા. અધ્યક્ષશ્રી ગુજરાત પ્રવાસન નિગમ લિ. ગાંધીનગર ના વરદ હસ્તે તથા સમારંભના પ્રમુખ અને મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા શ્રી નરોત્તમભાઈ પટેલ મા. મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજય. શ્રી મંગુભાઈ પટેલ મા. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ ગુજરાત રાજય તથા શ્રીમતિ દર્શનાબેન જરદોશ મા. સાંસદશ્રી, શ્રી સી.આર.પાટીલ મા. સાંસદશ્રી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ધારાસભ્યશ્રી , શ્રી નાનુભાઈ વાનાણી મા. ધારાસભ્યશ્રી, શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ મા. નેતાશ્રી શાસક પક્ષ, કુ. એસ. અપર્ણા મ્યુ. કમિશ્નરશ્રી, શ્રી એ.જે. શાહ મા. કલેકટરશ્રી, વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ માં દીપ પ્રાગ્ટય કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વિદ્યાલયની બાળાઓ ધ્વારા સ્વાગતગીત "લાખેણા રે આવ્યા રે, મોઘેરા મહેમાન" થી કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગ્ટય કરવામાં આવ્યો હતો. તમામ મહેમાનોનું સ્વાગત મા. કમિશ્નરશ્રી એસ. અપર્ણા દ્વારા કરવામાં આવ્યું હતું . ત્યારબાદ સરસ્વતી વિદ્યાલયના બાળકોએ સુંદર કૃતિઓ રજુ કરી હતી. જેની અંદર વિદેશથી આવેલા મહેમાનો પણ જોડાયા હતા.થા ડાંગનાં આદીવાસી કલાકારોએ અતિસુંદર કૃતિ રજુ કરી હતી જેને તમામ મહેમાનો તથા ઉપસ્થિત જાહેર જનતાએ તાળીઓથી વધાવી લીધી હતી.

આ પ્રસંગે સ્થાયી સમિતિના ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલએ પ્રસંગિક પ્રવચન કર્યું હતું તથા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્દઘાટક શ્રી કમલેશભાઈ પટેલ અને અધ્યક્ષશ્રી ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગરએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતું કે, મેયરશ્રી તથા સુરતના જ શ્રી નરોત્તમભાઈ પટેલ અને શ્રી મંગુભાઈ પટેલ મા. મંત્રીશ્રી અદિજાતિ વિકાસના સહકારથી આ સુરતમાં ત્રીજી વખત આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન થયુ છે. સુરત શહેરની એક આગવી ઓળખ છે અને તેમાં તેઓને ઉદ્દઘાટક તરીકે તક પુરી પાડી ગૌરવ પ્રદાન કર્યુ તે માટે સુરતનો આભાર વ્યકત કર્યો હતો. મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૧૦ વર્ષની દીર્ઘ દષ્ટિથી આ આયોજન થયુ છે અને તેમાં ભારત વર્ષની ઝાંખી કરવાની તક મળી છે.તેમના સત્તારુઢ થયા બાદ વિકાસ કામો જોવા મળ્યા છે. સુરત હીરા ઉદ્યોગમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં તથા તે સિવાયના અન્ન ક્ષેત્રમાં આગળ છે. જેથી ગુજરાતની વિશ્વના ફલક ઉપર આગળ મુકવા વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવ તથા વિશ્વના ફલક ઉપર ગુજરાતને આકર્ષી શકાય તેવો આ ઈવેન્ટ આધારિત કાર્યક્રમ યોજાયો છે.

**Continue …**





શ્રી નરોત્તમભાઈ પટેલ મા. મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજયએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ યોજી સુંદર આયોજન કરી એક વિશેષ તક આપી છે. વહીવટી વિભાગે પણ બે વખત પતંગોત્સવ યોજી આ ત્રીજી વખત સુંદર આયોજન કર્યુ છે. સુર્યએ એનર્જીનો સ્ત્રોત છે અને તાપી એ સૂર્યપુત્રી કહેવાય છે. આ દિવસે સાગરખેડુઓ મધ દરિયે જઈ સૂર્યની પુજા કરે છે. મા. મેયરશ્રીએ આ પતંગ મહોત્સવનું આયોજન તથા સુરતીજનોની એક વિશિષ્ટ શૈલીનું શબ્દોમાં ખૂબ જ સરસ વર્ણન કર્યુ હતુ તથા તળ સુરતમાં ઉજવાતો આ પતંગ મહોત્સવ તળ સુરતથી હવે સુરતના બીજા વિસ્તારોમાં ઉજવાય રહયો છે અને લોકો વહેલી સવારથી બૂમો પાડી લોકોને જગાડી ઉત્સવનો આનંદ લે છે.



આ આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં થાઈલેન્ડ, યુ.કે., વિયેટનામ, ન્યૂઝીલેન્ડ, સ્વીટર્ઝલેન્ડ, સાઉથ કોરીયા, જર્મની, સ્પેન, મલેશિયા, બેલ્જીયમ, ફ્રાન્સ,લિથોનીયા વિગેરેના ૪૩ પતંગ બાજોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારત દેશમાંથી અમદાવાદ, વડોદરા, નવસારી, મુંબઈ, દહાણું, બેંગલોર, મૈસુર, લુધિયાણા, ઉદયપુર, લખનૌ વિગેરેના ૫૬ જેટલા પતંગબાજો તમામે ભાગ લીધો હતો અને તેઓનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.અત્રે પધારેલ વિદેશી પતંગબાજોએ સુરત શહેરની મહેમાનગતિ, મિત્રતાના વખાણ કરી જણાવ્યું હતું કે ગુજરાત ટુરીઝમ અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી યોજાયેલ પતંગ મહોત્સવની મઝા માણી હતી.

પતંગ મહોત્સવમાં ભાગ લેવા પધારેલા વિવિધ પતંગબાજોએ વિવિધ આકારના અતિસુંદર, વિવિધ આકારના કલાત્મક પ્રતિકૃતિ ધરાવતા સીરીઝ પતંગ, કોટનમેડ પતંગ તથા ૧ મીટરથી ૩ મીટરનું ડાયમેન્શન ધરાવતા પતંગોનું સ્ટોલ ઉપર તથા મેદાન ઉપર નિદર્શન કર્યુ હતું.

આભાર વિધિ ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણીએ કરી હતી. આ પ્રસંગે મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ચેનલોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી પતંગ મહોત્સવ નિમિત્તે યોજવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમનો રસાસ્વાદ માંણી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## માહે ડીસેમ્બર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડિસેમ્બર માસ દરમ્યાન ૩૪૩૬ ઈન્ડોર તથા ૪૧૪૧૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૧૧૦૦ તથા મોટા ૬૨૧ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૦૮૩ એક્ષ રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૨૬૦ અને જુના ૫૧૭ દર્દીઓ સહીત કુલ ૭૭૭ દર્દીઓને તપાસવામાં આવ્યા અતા. દાંતના રોગો માટે કુલ ૧૬૫૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૧૧ તથા આંખ વિભાગમાં ૩૪૮૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૦૯૮૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો લાભ મેળવી રહયા છે.

TOP

## તાપી નદીની લીલવેલ/જળકુંભીનો સફાઈ ઝુંબેશ



તાપી નદીમાં લીલવેલ/જળકુંભીનો ચાલુ વર્ષે ઉપદ્રવ વધુ થવાથી સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશ્નરશ્રીનાં આદેશ અન્વયે જુદા જુદા ઝોનના મશીનરી અને મેનપાવર એક સંયુકત ટીમ બનાવી જળકુંભીના નિકાલ માટેની કામગીરી ગત રોજ તા.૧૧–૦૧–૧૦ થી એક ઝુંબેશ સ્વરૂપમાં ચાલુ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના ડિવીડર મશીન ઉપરાંત દરેક ઝોનમાંથી ૧૦–૧૧ બેલદારો મળી કુલ ૭૦ જેટલા બેલદારો, ૭ જેટલા સુપરવાઈઝરો, ૦૩ જેસીબી મશીનો, ૦૫ ડમ્પર ટ્રકો, ૧ ટ્રેકટર, ૩ યાંત્રિક હોડીઓ, ફાયર વિભાગના ૧૦ બોટ ઓપરેટર તથા તરવૈયા સાથે એક સંયુકત ટીમ જળકુંભીના નિકાલ માટે કાર્યરત કરવામાં આવેલ છે. બે દિવસમાં અંદાજે ૧૬૫ મે.ટન જેટલી જળકુંભીનો નિકાલ કરવામાં આવ્યો છે. કતારગામ વારિગૃહ ખાતેથી શરૂ કરવામાં આવેલ આ ઝુંબેશ આગામી દિવસોમાં ચાલુ રાખી મહાનગરપાલિકાના તમામ વોટર વર્કસ તથા વિયર કમ કોઝવે નદી ઉપરનાં ઓવારા, નદી કિનારા વિગેરેની સાફ સફાઈ કરવામાં આવશે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં વોર્ડ નં. ૭ /બી રૂઘનાથપુરા, બેગમપુરા મોતીટોકીઝ, ડબગરવાડ, મુગલીસરા, સલાબતપુરા, દિલ્હીગેટ વિસ્તારમાં જાહેર રસ્તા સરિયામ કચરો નાંખીને ન્યુસન્સ કરતાં ઈસમો તેમજ સંસ્થાઓ પર સખત શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર કામગીરીના ભાગરૂપે આરોગ્ય વિભાગ સ્કવોર્ડ દ્વારા મુખ્ય આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ આવા ઈસમો અને સંસ્થાઓને કુલ–૯૬ નોટીસો આપી રૂા. ૯,૯૫૦/અ (અંકે રૂપિયા નવ હજાર નવસો પચાસ પુરા) વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ છે. તેમજ ખામીઓ દુર કરવા માટે નોટીસ, ચેતવણી આપવામાં આવી હતી.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૧૩/૦૧/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી), ફાઈનલ પ્લોટ નં. ૧૧૦ પૈકી સુરત મહાનગરપાલિકાના એસ.ઈ.બી.સી.ફોર હાઉસીંગનાં હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં આશરે ૧૧ જેટલાં નેહરુનગર પાસેનાં કાચા/પાકા ઝુંપડાઓનું દબાણ દુર કરી આશરે ૧૧૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), રૂા. સ.નં. ૧૨૭ પૈકી માં આવેલ ચિત્રકુટ સોસાયટીના સબ પ્લોટ નં. ૧ માં લીન્ટલ લેવલ સુધી કોલમ તથા ચણતર વાળુ આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બાંધકામ દૂર કરી રૂા. ૧૫૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ), ફા. પ્લોટ નં. ૧૦૩/એ પૈકી સ્મૃતિ સોસાયટી વિભાગ–૨ની દક્ષિણે આવેલ ૭.૫૦ મીટરના ટી.પી. રોડ ઉપર કાપડના યાર્નોના સરેઆમ કરેલ દબાણ, જપ્ત કરી અત્રેના ગાયત્રી દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ છે.

ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૧૫ (ડભોલી), મુળ પ્લોટ નં. ૧૭૭ માંથી જહાંગીરપુરા–ડભોલી બ્રીજનાં ડભોલી તરફના એપ્રોચ (૩૬ઈ૦૦ મીટર પહોળા) ટી.પી. રસ્તા પૈકીની જગ્યામાં અંદાજીત ૬૭૦ ચો.ફુટ માપવિસ્તારનું આર.સી.સી.નું ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ દુર કરી રસ્તાનો કબજો મેળવવામાં આવેલ છે.

TOP

## નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે

સુરત મહાનગરપાલિકા તાઃ૧૦/૦૧/૨૦૧૦ થી તાઃ૧૩/૦૧/૨૦૧૦ દરમ્યાન ૫ વર્ષ સુધીના છ લાખ ત્રીસ હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે.

નાના બાળકોમાં થતી અને તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર દ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ ના વર્ષ થી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.)કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષ નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯માં નોંધાયો હતો, ત્યારબાદ આજ સુધી બાળલકવાનો એક પણ પોઝીટીવ કેસ જણાયો નથી.

સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં ૨૮ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરો(શહેરી આરોગ્ય કેન્દ્રો)પર આ માટે ૨૬૭૦ રસીકરણ કેન્દ્રો (બુથ) નકકી કરવામાં આવ્યા છે. કાર્યક્રમના પ્રથમ દિવસે રસીકરણ કેન્દ્ર પર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે(સેન્ટ્રલ ઝોન સિવાય)આરોગ્ય કાર્યકરો ઘરે ઘરે ફરીને પાંચ વર્ષ સુધીની ઉમરના બાળકોને પોલીયોની રસી પીવડાવશે.સમગ્ર કાર્યક્રમમાં ૮ ઝોનલ કો–ઓર્ડીનેટર,૩૨ કો–ઓર્ડીનેટર,૫૦૧ સુપરવાઈઝરો,૨૬૭૦ પેરામેડીકલ વર્કરો તથા ૮૦૧૦ સહાયક કર્મચારીઓ મળી કુલ–૧૧,૨૦૦ થી વધુ કર્મચારીઓ ભાગ લેશે.કાર્યકમમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર મેડીકલ કોલેજ,ગવર્નમેંટ મેડીકલ કોલેજ,ફીઝીયોથેરાપી કોલેજ, હોમીયોપેથી, આયુર્વેદીક કોલેજના તબીબી સ્ટુડન્ટસ,ગવર્નમેંટ મેડીકલ કોલેજ,મિશન હોસ્પિટલ ,જયદિપ શારદા મેમોરીયલ નર્સીંગ એકેડેમી,અશકતાશ્રમ હોસ્પિટલનાં નર્સીંગ સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પીટલના નર્સ બહેનો, પી.એસ.એચ., આઈ.સી.ડી.એસ.,યુ.સી.ડી.,એસ.ટી.ડી.કેરના કાર્યકરો,નિરવ મહીલા મંડળના બહેનો,નવ સર્જન ટ્રસ્ટ,સેનેટરી ઈન્સ્પેકટર કોલેજના સ્ટુડન્ટસ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સ્વયં– સેવકો કાર્યક્રમમાં સહભાગી થશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, માજી. મ્યુ. સદસ્યશ્રીઓ, સ્થાનિક કાર્યકરો, વર્તમાન પત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સીનેમા ગૃહો તથા સેવાભાવી સંસ્થાઓને આ કાર્યક્રમમાં સહભાગી થઈ અગાઉની જેમ સહકાર આપી આ રાષ્ટ્રિય કાર્યક્રમને સફળ બનાવવા વિનંતી કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી.(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી શ્રી. ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું છે.

**આપણું એક જ લક્ષ્ય**

**બાળ લકવા મુકત ભારત**

નોંધઃ– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના ૫ વર્ષ સુધીના તમામ બાળકોને તાઃ૧૦/૦૧/૨૦૧૦ ના રોજ આપના રહેઠાણ નજીકના રસીકરણ કેન્દ્ર પર પોલીયોની રસી અવશ્ય પીવડાવો. (બાળકને સામાન્ય તાવ,શરદી કે ઝાડા જેવી બિમારી હોય તો પણ.)

TOP